

Azadi Ka Amrit Mahotsav

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION


# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. જુલાઈ ૧૫, ૨૦૨૨ • અષાઢ વદ ૨ • સંવત ૨૦૭૮

Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge),
Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat




**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

## ૩૬મી નેશનલ ગેમ્સનું યજમાન બનશે ગુજરાત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કરી જાહેરાત




ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રમત-ગમત ક્ષેત્રે એક મહત્વની જાહેરાત કરી છે. આગામી ૨૭મી સપ્ટેમ્બરથી ૧૦મી ઓક્ટોબર દરમિયાન ગુજરાતમાં નેશનલ ગેમ્સનું આયોજન થવાનું છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત હવે સ્પોર્ટ્સ હબ બનવા જઈ રહ્યું છે તથા રાજ્યમાં વિશ્વસ્તરીય સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ તૈયાર થઈ રહ્યા છે. ત્યારે મુખ્યમંત્રીએ ટ્વિટરના માધ્યમથી ૩૬મો રાષ્ટ્રીય રમતોત્સવ ગુજરાતમાં યોજાશે તેની જાહેરાત કરી છે. ગુજરાતમાં પ્રથમ વખત આ પ્રકારે રાષ્ટ્રીય રમતોત્સવ યોજાવા જઈ રહ્યો છે તથા અમદાવાદ સહિતના ૬ શહેરોમાં તેનું આયોજન કરવામાં આવશે. આ સાથે જ મુખ્યમંત્રીએ ગુજરાતના પ્રસ્તાવનો ત્વરિત સ્વીકાર કરવા બદલ ઈન્ડિયન ઓલમ્પિક અસોસિએશનનો આભાર માન્યો હતો. આ રમતોત્સવમાં દેશભરના ૨૫,૦૦૦થી પણ વધારે રમતવીરો સહભાગી બનશે. ઓલમ્પિકની દાવેદારી પહેલા ગુજરાત સરકારે આ મોટું આયોજન હાથ ધર્યું છે. સાત વર્ષના અંતરાલ બાદ યોજાવા જઈ રહેલી આ ગેમ્સના આયોજન માટે અમદાવાદમાં એક સ્પોર્ટ્સ વિલેજ બનાવવાની વિચારણા છે. એશિયાટિક સિંહ આ ગેમ્સનો મેસ્કોટ રહેશે. (Source : www.gujaratsamachar.com)

## મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે ઘાના અને અંગોલાના મહાનુભાવો



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ધી રિપબ્લીક ઓફ ઘાનાના ભારતીય હાઈકમિશનર શ્રી સુગંધા રાજારામ અને અંગોલા ખાતેના ભારતીય રાજદૂત શ્રીમતી પ્રતિભા પારકરે લીધી હતી. અંગોલામાંથી મળતા ડાયમન્ડ પોલીશ્ડ થવા માટે સુરતમાં મોકલવામાં આવે છે તે સંદર્ભમાં આ બેઠકમાં ચર્ચા થઈ. ઘાનાના ભારતીય હાઈકમિશનરશ્રીએ મોટા પ્રમાણમાં ગુજરાતી સમુદાયો ઘાનામાં વસેલા છે ત્યારે સિસ્ટર સ્ટેટ રિલેશન્સ માટેની પણ સંભાવનાઓ વ્યક્ત કરી હતી. (Source : https://cmogujarat.gov.in)

## સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાત ફરી એકવાર 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ'

સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગ-૨૦૨૧માં ફરી એકવાર ગુજરાતની જીત થઈ છે. સતત ત્રીજી વખત ગુજરાતને બેસ્ટ પરફોર્મર સ્ટેટ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. વાણિજ્ય-ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગ ૨૦૨૧ના પરિણામોમાં ગુજરાત, કર્ણાટક, મેઘાલય સ્ટાર્ટઅપ માટે મજબૂત ઈકોસિસ્ટમ પ્રદાન કરવા માટે શ્રેષ્ઠ રાજ્યો હોવાનું કહ્યું હતું. દિલ્હીમાં યોજાયેલ કાર્યક્રમમાં ગુજરાતને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. ગુજરાતમાં હાલ ૧૪૨૦૦થી વધારે નોંધાયેલા સ્ટાર્ટઅપ છે અને ૧૮૦થી વધુ ઇન્ક્યુબેટર, શૈક્ષણિક સંસ્થાઓનું વિશાળ નેટવર્ક સ્ટાર્ટઅપને સમર્થન આપી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૬ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ શરૂ કરી હતી. (સંદર્ભ : સંદેશ, તા. ૫.૭.૨૦૨૨)

Contact Address
**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.
Phone : +91-79-23238278
E-mail : nrgfoundation@yahoo.co.in
www.facebook.com/GSNRGF

FOR PRIVATE CIRCULATION ONLY

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## બ્રિટનમાં રહેતી ખુશી પટેલ મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ



બ્રિટનમાં રહેતી ગુજરાતી મૂળની ખુશી પટેલ મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ-૨૦૨૨ની બ્યૂટી સ્પર્ધામાં વિજેતા બની હતી. મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ વિદેશમાં ચાલતી સૌથી લાંબા સમયની ભારતીય બ્યૂટી સ્પર્ધા છે. એમાં ભારતીય મૂળની સુંદરીઓ ભાગ લે છે. ખુશી પટેલ બ્રિટનમાં બાયોમેડિકલનો અભ્યાસ કરે છે. તે સાથે પોતાનો ક્લોથિંગ સ્ટોર પણ ચલાવે છે. વિજેતા બન્યા પછી ખુશી પટેલે કહ્યું હતું કે હવે તે એક વર્ષ સુધી વિવિધ ચેરિટી કાર્યક્રમોમાં ભાગીદાર બનશે. ખાસ તો ત્રીજા વિશ્વના દેશમાં જઈને એ ચેરિટી કાર્યક્રમો કરશે. આ સ્પર્ધાના ફાઈનલમાં કુલ ૧૨ સુંદરીઓ પહોંચી હતી.

(Source : www.gujaratsamachar.com)

## વિદેશમાં વસતા ભારતીયો દેશમાં પરિવારને કોઈ નિયંત્રણ વગર રૂ. ૧૦ લાખ મોકલી શકશે

કેન્દ્રીય ગૃહમંત્રાલયે ફોરેન કન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ (એફસીઆરએ) સંબંધિત કેટલાક નિયમોમાં સુધારો કર્યો છે, જેને પગલે હવે વિદેશમાં વસતા ભારતીયો ઓથોરિટીને જાણ કર્યા વિના તેમજ કોઈપણ નિયંત્રણ વિના દેશમાં એક વર્ષમાં તેમના પરિવાર-સંબંધીઓને રૂ. ૧૦ લાખ સુધીની રકમ મોકલી શકશે. અગાઉ આ મર્યાદા માત્ર રૂ. ૧ લાખની હતી. ગૃહમંત્રાલયે એક નોટિફિકેસનમાં જણાવ્યું છે કે વિદેશમાં વસતા ભારતીયો તંત્રને જાણ કર્યા વિના રૂ. ૧૦ લાખથી વધુની રકમ મોકલે તો તેમણે ૯૦ દિવસમાં આ અંગે સરકારને જાણ કરવાની રહેશે. અગાઉ આ સમય મર્યાદા માત્ર ૩૦ દિવસ હતી. ઉપરાંત હવે વ્યક્તિઓ, સંગઠનો અથવા બિનસરકારી સંગઠનોના બેન્ક ખાતા અંગે ગૃહમંત્રાલયને સૂચિત કરવા માટેનો સમય ૪૫ દિવસ કરી દેવાયો છે.

(Source : www.gujaratsamachar.com)

## બંસરી વ્યાસને મળી કેનેડાની કાર્લટન યુનિ.ની સ્કોલરશીપ



પેટલાદના ચાંગા સ્થિત ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીની પૂર્વ ગોલ્ડ મેડલિસ્ટ વિદ્યાર્થિની બંસરી વ્યાસને તાજેતરમાં કેનેડાની કાર્લટન યુનિવર્સિટીએ ૯૨ હજાર ડોલરની સ્કોલરશીપ આપવામાં આવી છે. તેઓ હાલમાં એમએસસી પાર્ટીકલ ફીઝીકલ વિષયમાં અનુસ્તાનકના અભ્યાસની સાથોસાથ રિસર્ચ આસિસ્ટન્ટ તરીકે સંશોધન પણ કરે છે. ૨૧ વર્ષીય બંસરી સત્યેન વ્યાસ મૂળ આણંદની વતની છે. બંસરીને બે વર્ષ માટે કાર્લટન યુનિવર્સિટીએ ૯૨૦૧૦ કેનેડીયન ડોલરનું ફંડિંગ આપ્યું હતું. આ ઉપરાંત તેને દર મહિને ૪૦૦૦ કેનેડીયન ડોલરની સ્કોલરશીપ પણ પ્રાપ્ત થાય છે. સ્કોલરશીપ અને રિસર્ચ આસિસ્ટન્ટશીપ પ્રાપ્ત કરી બંસરીએ ચરોતરનું ગૌરવ વધાર્યું છે.

(Source : www.akilanews.com)

## લંડન મહેર કોમ્યુનિટી એસોસિએશન દ્વારા સન્માન સમારંભ



લંડન મહેર કોમ્યુનિટી એસોસિએશન દ્વારા ફેલ્ધમ ખાતે ઈન્ટરનેશનલ મહેર સુપ્રીમ કાઉન્સિલના પ્રમુખ વિમલજીભાઇ ઓડેદરાના સન્માન માટે એક સમારોહનું આયોજન કરાયુ હતું. સમારોહમાં વિમલજીભાઇ ઓડેદરા દ્વારા મહેર સમુદાયના ઉત્કર્ષ - સશક્તિકરણ માટે કરાયેલા અથાક પ્રયાસોની નોંધ લઇ સન્માન કરાયું હતું. સમારોહનું સમાપન ગરબાના આયોજન સાથે કરાયું હતું. મહેર સમુદાયનો પ્રત્યેક વ્યક્તિ હકારાત્મક અને પ્રગતિશીલ વિચારસરણી સાથે એકબીજા સાથે સંકળાય તે માટે વિમલજીભાઇ પ્રયાસો કરી રહ્યા છે.

(Source : www.gujarat-samachar.com)

## 'ભાષિણી'માં ગુજરાતી સાથે ૨૨ ભાષાઓનો સમાવેશ

ડિજિટલ સુવિધા ભાષિણીમાં ગુજરાતી સહિત ૨૨ ભારતીય ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભાષિણીમાં લોકો લખી શકશે, બોલી શકશે, જોઈ શકશે અને સાંભળીને ભાષાદાન કરી શકશે. ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત તાજેતરમાં ભાષિણીની એપ્લીકેશન વડાપ્રધાને લોન્ચ કરી હતી. ભાષિણીનો ઉદ્દેશ્ય તમામ ભારતીયોને તેમની પોતાની સ્થાનિક ભાષામાં ઇન્ટરનેટ અને ડિજિટલ સેવાઓનો સરળ એક્સેસ આપવા અને ભારતીય ભાષાઓમાં કન્ટેન્ટ વધારવાનો છે. ભાષિણીનો વ્યાપ વધારવા ભાષાદાનની આવશ્યકતા છે અને એટલે જ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને www.bhashini.gov.in પર ભાષાનું દાન કરવા માટે પ્રોત્સાહિત કર્યાં છે. ભાષિણી વેબસાઈટ પર લખીને, બોલીને, જોઇને અને સાંભળીને ભાષાદાન કરી શકાય છે. જે થકી સમગ્ર ડેટા એકત્ર કરી અને તેને એપના માધ્યમથી નાગરિકો સુધી પહોંચાડવામાં આવશે.

(સંદર્ભ : ગુજરાત સમાચાર, તા. ૧૦.૭.૨૦૨૨)

## યુએસના ભટ્ટ પરિવાર દ્વારા CHRFને દોઢ કરોડનું દાન

મૂળ ચરોતરના બોરસદના વતની અને છેલ્લા ૫૧ વર્ષોથી અમેરિકામાં એરિઝોનામાં સેડોના સ્થિત ભટ્ટ પરિવારના કુંજુબહેન ભટ્ટ, તેમના બે ભાઈ હર્ષદભાઈ ભટ્ટ અને નયનભાઇ ભટ્ટ દ્વારા ચારુસેટ હેલ્થકેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન ચારુસેટ હોસ્પિટલ ચાંગાને બે લાખ ડોલર (લગભગ દોઢ કરોડ રૂપિયા)નું દાન આપવામાં આવ્યું છે. તેઓએ તેમના માતપિતા તારાબહેન અને નટવરલાલટની સ્મૃતિમાં આ દાન આપ્યું છે. નટવરલાલ ભટ્ટ સમાજમાં અગ્રણી હતા અને વ્હાલાભાઈ તરીકે જાણીતા હતા. ભટ્ટ પરિવાર ૧૯૭૦માં અમેરિકા આવ્યા બાદ કેલિફોર્નિયા અને ત્યારબાદ એરિઝોનામાં સ્થાયી થયા હતા. અમેરિકામાં ચારુસેટ એજ્યુકેશન ફાઉન્ડેશન નામની સંસ્થા ૨૦૧૨માં શરૂ થઈ છે જેમાં દર વર્ષે નાનામોટા દાન અમેરિકામાં વસતા વિવિધ દાતાઓ દ્વારા આપવામાં આવે છે.

(સંદર્ભ : ગુજરાત ટાઈમ્સ, યુએસએ, તા. ૧૫.૭.૨૦૨૨)

# જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની 'વતન પ્રેમ યોજના'

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે 'માદરે વતન યોજના' અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ 'વતન પ્રેમ યોજના' રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિઃ

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ કલાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોકત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે 'વતન પ્રેમ યોજના સોસાયટી'ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે 'વતન પ્રેમ સોસાયટી' દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. P M U દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.
આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.



# પુંઅરેશ્વરમહાદેવ મંદિર અને પાલર ધૂના ધોધ



કચ્છ ગુજરાતનો ખાસ જિલ્લો છે. અહીં રણ છે, પર્વતો છે, દરિયો છે અને ધોધ પણ છે. સાથે જ હડપ્પન સંસ્કૃતિના પ્રાચીન અવશેષો પણ અહીં મળી આવ્યા છે તો ઘણા પૌરાણિક સ્થળો પણ અહીં આવેલા છે. કચ્છની ધરતી ચોમાસામાં સોળે કળાએ ખીલી ઊઠે છે. આવો જ એક ધોધ નખત્રાણાનો પાલર ધુના છે જે વરસાદી મોસમમાં જીવંત થઈ ઊઠે છે. ભુજ-નખત્રાણા હાઇવે પર પૌરાણિક પુંઅરેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. ત્યાંથી આ ધોધ તરફ જઈ શકાય તે માટેનો રસ્તો બનાવાયો છે. ચોમાસા દરમિયાન લોકો પુંઅરેશ્વર મહાદેવના દર્શને આવે ત્યારે આ ધોધના દર્શનનો પણ લ્હાવો લેતા હોય છે. આમ, આ સ્થળ ભક્તિ અને પ્રકૃતિના સમન્વયનું સ્થળ બની રહે છે. કચ્છના સૌથી મોટા ધોધ એવા પાલરધુનામાં જ્યારે ભારે વરસાદથી જળપ્રપાત સર્જાય છે ત્યારે પ્રકૃતિપ્રેમી સહિતના લોકો કુદરતનો નજારો જોવા ઉમટી પડે છે. નખત્રાણા તાલુકાના મંજલ-તરા અને આણંદપર વચ્ચે ૩૦ ફૂટથી વધારે ઊંચાઇથી પડતો પાલરધુના ધોધ વન્ય વિસ્તારમાં નજરાણું છે. આ ધોધમાં ભોયડ નદીનું પાણી આવે છે. આ વિસ્તાર કાબરી રામચકલી, પહાડી ગીધ અને મોટા ઘુવડનું કાયમી નિવાસસ્થાન છે.

ભુજ-નખત્રાણા હાઇવે પર અને ભુજથી ૩૪ કિમી અને નખત્રાણાથી ૧૬ કિમીના અંતરે નખત્રાણા તાલુકામાં આવેલ પુંઅરેશ્વર મહાદેવનું મંદિર લાખાડીની હદમાં આવેલ છે. આ મંદિર સદીઓ પુરાણું છે. દ્રવિડ અને નાગર શૈલીનું મિશ્ર સ્થાપત્ય ધરાવતું આ મંદિર કચ્છના મંદિરોમાં જૂનામાં જુનુ મંદિર મનાય છે. તે વખતે નજીકના પદ્ધર ગઢના સ્થાપક રા'પુંઅરાએ આ મંદિર બનાવ્યું હોવાથી તેનું નામ પુંઅરેશ્વર પડ્યું છે. રા'પુંઅરા ભુજ તાલુકામાં આવેલ કેરાકોટના સ્થાપક લાખા ફુલાણીના ભત્રીજા હતા. તેમના કાકા લાખા ફુલાણીએ કેરાકોટમાં મંદિર બનાવેલ પણ રા'પુંઅરાએ તે મંદિરમાં ખામી કાઢી. આથી નારાજ થયેલા લાખા ફુલાણીએ તેમને કહ્યું કે ખામી કાઢવી સહેલી છે, પણ આવું મંદિર બનાવીને તો જો! આમ રા'પુંઅરાને લાગી આવતા અદ્દલ કેરાકોટ જેવું જ મંદિર બનાવી પોતાની વાત સાચી સાબિત કરી હતી. બીજી લોકકથા પ્રમાણે રા'પુંઅરાની સગાઈ સિંધ પ્રાંતમાં થઈ હતી. તેમની સગાઈ જેની સાથે થઈ હતી તે રાણી રજૈયાદેવી પરમ શિવભક્ત હતા અને તે પોતાના ભગવાન શિવને મુકીને જવા માંગતા ન હતા. તેથી તેમણે રાજા સામે એવી વાત મૂકેલી કે ભગવાન શિવ તેમની સાથે આવશે તો જ લગ્ન કરશે. રાણીના લગ્ન થયા અને શિવ મંદિર રાણીની વેલ પાછળ આવવા લાગ્યું. જ્યારે પદ્ધર ગઢ પહોંચ્યા તો ત્યાં જોયું કે ગઢનો દ્વાર તો નાનો હતો અને મંદિર વિશાળ હતું. એટલે રાણીને લાગ્યું કે આ મંદિર દ્વારમાંથી પસાર થઈ અંદર આવી શકશે કે કેમ? એટલે રાણીએ પાછું વળીને જોયું. કહેવાય છે કે રાણીએ પાછું વળીને જોયું એટલે મંદિર પદ્ધર ગઢથી બહાર જ રહી ગયું. ૨૦૦૧માં આવેલા વિનાશક ભૂકંપમાં મંદિરને નુકસાન થયું છે છતાં પણ આ મંદિર જર્જરિત હાલતમાં પણ અડીખમ ઊભું છે. સરકાર દ્વારા આ મંદિરને હેરિટેજ જાહેર કરવામાં આવ્યું છે.

(Sources & Photo Courtesy : www.kutchmitradaily.com, www.gujaratsamachar.com, https://2.bp.blogspot.com)




# કપડવંજ

વિશ્વમાં દરેક પ્રજાને, દરેક નગરને, દરેક સ્થળને પોતાનો આગવો ઈતિહાસ હોય છે. ઈતિહાસ એ મનુષ્યનું, દેશનું, નગરનું ગૌરવ છે. ઇતિહાસની યાદગીરી શિલાલેખો, સ્તંભો, તોરણો કે પ્રતિમાઓ દ્વારા રહે છે અને આવનારી પેઢીમાં સંસ્કારોનું સિંચન કરે છે, પ્રજામાં શૌર્યનું સિંચન કરે છે. આવું જ એક નગર ચરોતરની ભૂમિમાં આવેલું કપડવંજ છે જે પ્રાચીન કાળથી અસ્તિત્વ ધરાવે છે. ખેડા જિલ્લામાં આવેલું આ શહેર તાલુકાનું મુખ્ય મથક પણ છે. ખેડા જિલ્લાનો કપડવંજ તાલુકો આ જિલ્લાનો સૌથી જુનો અને નડીઆદ પછીનો સૌથી મોટો તાલુકો છે.

મળી આવેલા તામ્રપત્રો પરથી જાણવા મળે છે કે પ્રાચિન કાળમાં આ નગર કર્પટવાણિજ્યના નામે પ્રચલિત હતું. આ નામ અપભ્રંશ પામી 'કપડવણજ' થયું અને ત્યારબાદ 'કપડવંજ' થયું. આ ઉપરાંત પ્રાચીન અનુમૈત્રિક યુગના નકશાઓ અને જૂના લશ્કરના માર્ગો જોતાં પણ કર્પટવાણિજ્ય શબ્દ મળી આવે છે. ગુજરાતના મુખ્ય વ્યાપારી શહેરોમાં લશ્કરોની અવરજવરના માર્ગમાં આ નગર હોવાથી એમ કહી શકાય કે પ્રાચીન કાળથી જ તે એક મોખરાનું સ્થાન ધરાવતું હતું અને વેપારી કાફલાઓ માટે તે મિલન સ્થાન હતું.


કપડવંજ શહેરની ફરતે પહેલા કોટ બાંધવામાં આવ્યો હતો. તેના પૂર્વીય વિસ્તારને આજે પણ 'નદી દરવાજા' અને પશ્ચિમી વિસ્તારને 'અંતિસર દરવાજા' તરીકે ઓળખવામાં આવે છે, જ્યાં વિશાળ દરવાજા બાંધવામાં આવ્યા હતા. કપડવંજ કાપડ અને કાચ ઉદ્યોગ માટે પ્રખ્યાત હતું. આજે પણ કપડવંજમાં બનેલી કાચની વસ્તુઓ વડોદરા સયાજીરાવ મ્યુઝીયમમાં સાચવી રાખવામાં આવેલ છે.

કપડવંજ પર સિદ્ધરાજ જયસિંહ, ગાયકવાડથી માંડી અંગ્રેજો સુધી ઘણા શાસકોએ રાજ કર્યું છે. આજે પણ સિદ્ધરાજ જયસિંહે બાંધેલા ભવ્ય તોરણ કપડવંજના ભવ્ય ઇતિહાસની સાક્ષી છે. અહીં સિદ્ધરાજ જયસિંહે બનાવેલ બે વાવ આવેલ છે. જેને કુંડવાવ અને બત્રીસ કોઠાની વાવના નામથી ઓળખવામાં આવે છે. કપડવંજમાં આવેલા દાઉદી વ્હોરા કોમના મકાનો જે વ્હોરવાડ તરીકે ઓળખાય છે તે લાકડાની સુંદર નકશીથી બનાવેલ મકાનો, ઝરૂખા, દરવાજા, વગેરે જોવાલાયક છે.

પ્રાચીન કાળમાં ભરૂચથી રાજસ્થાન, મધ્ય પ્રદેશ, માળવા અને ઉત્તર ભારત જતો માર્ગ કપડવણજ પાસેથી પસાર થતો હતો. ઈ. સ. ૧૯૧૩માં રેલવે નંખાઈ તે પહેલાં સાબુ, કાચની બંગડીઓ, બરણીઓ, ઘી અને હાથવણાટનું કાપડ અહીંથી ભારતના અન્ય ભાગોમાં તથા ઈરાન અને અરબસ્તાન જતું હતું. અકીકના પથ્થરો ખંભાત મોકલાતા હતા, અને તેના મણકા અને બીજી વસ્તુઓની નિકાસ આફ્રિકાના તથા યુરોપના દેશોમાં થતી હતી. સિદ્ધરાજ જયસિંહના સમયમાં વેપારકેન્દ્રમાં જાહોજલાલી હતી. તેથી ઇમારતો બંધાઈ છે, તે સમયની કલા-સંસ્કૃતિ અને અદ્ભુત ઐતિહાસિક વારસાની સાક્ષી સૂચવે છે. કપડવણજના સાહસિક વેપારી શ્રેષ્ઠીઓના થાણાં બ્રહ્મદેશ, સીઆમ અને મોરીશીયસ જેવા દૂરસુદૂરના પ્રદેશોમાં હતા. બે-એક સદીથી કાચના ઉદ્યોગે કપડવણજને અનુપમ નામના આપેલ છે. કપડવંજની દુધીયા બંગડીઓ એક સમય પૂર્વ જર્મની, ઝેકોસ્લોવેકીયા, બેલ્જીયમ અને જાપાનના માલ કરતાં સારી ગણાતી.

કપડવંજમાં ઐતિહાસિક કુંડવાવ ટાવર શહેરના મધ્યમાં આવેલું છે. ૫૦૦ વર્ષ જૂના આ ટાવરનો તારીખ ૯ ઓક્ટોબર ૧૯૩૨ના રોજ જીર્ણોદ્ધાર થયો હતો અને દેસાઈ જમનાદાસ મગનલાલ વહાણવાલા ઇન્ડિયન કલોક મેન્યુ કંપની લી.નું ઘડિયાળ ટાવર પર લગાવી 'ચંચળબાઈ ટાવર' નામાભિધાન કરી કપડવંજ નગરપાલિકાને સ્વાધીન કર્યું હતું. આઝાદીની લડતમાં કપડવંજના જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા અને સ્વાતંત્ર્ય સેનાની સ્વર્ગસ્થ રાજેન્દ્ર શાહ કુંડવાવના ચંચળબાઈ ટાવર પર તિરંગો ઝંડો ફરકાવવા ચઢેલા. આ દરમિયાન અંગ્રેજ પોલીસના હાથે ઝડપાઇ જવાથી તિરંગાનું અપમાન થાય એમ લાગતા તિરંગો છાતીએ લગાવીને ટાવર પરથી રાજેન્દ્રભાઈએ કુદકો માર્યો હતો. આ પ્રસંગને કારણે પણ ટાવરને રક્ષિત ઈમારત જાહેર કર્યો છે.

(Sources & Photo Courtesy : www.divyabhaskar.co.in, https://allgujaratnews.in http://kapadwanjnagarpalika.org, https://gujarattimesusa.com)





# ગંગવો કુંડ

સુરેન્દ્રનગરના એક નાનકડા ગામ દેદાદરામાં એક પ્રાચીન સ્થાપત્ય આવેલું છે. રાજકોટ-અમદાવાદ હાઈવેથી થોડું ફંટાઇને વઢવાણ બાજુ જઈએ ત્યાંથી નજીકમાં જ આ ગામ આવે છે. દેદાદરામાં ૧૦મી સદીમાં બંધાયેલો ગંગવો કુંડ છે જે તેના પગથિયાંવાળા સ્થાપત્ય માટે જાણીતો છે. પ્રાચીન ગંગવો કુંડના ચાર છેડે ચાર મંદિર આવેલા છે. આ સ્થાન વિશે લોકમાન્યતા એવી છે કે આ સ્થળની આજુબાજુમાં જ દધીચિ ઋષિનો આશ્રમ આવેલો હતો.

ગંગવો કુંડ લંબચોરસ પાણીનો કુંડ છે જેમાં નીચે ઉતરવા માટે પગથિયાં બનાવવામાં આવ્યા છે. કુંડની ત્રણ દીવાલો પર ત્રણ સ્તરની પથ્થરની સીડીઓ દ્વારા નીચે ઉતરી શકાય છે જ્યારે ચોથી બાજુએ સપાટ દીવાલ છે જેમાં કૂવામાંથી જેમ ડોલ દ્વારા પાણી ખેંચાય એમ પથ્થરનો કઠેડો બાંધી પાણી ખેંચવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ દીવાલ પરના પથ્થરના બ્રેકેટને માનવ જેવી પથ્થરની આકૃતિઓથી એવી રીતે શણગારવામાં આવ્યો છે કે જાણે તેઓ બ્રેકેટને પકડી રહ્યા હોય. એક હજાર વર્ષ પહેલાંના કારીગરની કલ્પના એમાં જોઈએ શકાય છે. ચાર મંદિરોથી ઘેરાયેલો આ કુંડ ખરેખર અસામાન્ય છે. મંદિરોની શૈલી ભિન્ન ભિન્ન છે. ઉત્તરાભિમુખ બેઉ મંદિરો એક એક શિખર જ ધરાવે છે જેને લતિન કહે છે. બીજા સામસામેના બેઉ મંદિરોને વધારાના ખૂણાના શિખરો છે જેને પંચાંડક કહે છે. કુંડ અને મંદિર મળીને એક રસપ્રદ સ્થાપત્ય શૈલીનું નિર્માણ કરે છે.

ગંગવો કુંડને નોંધપાત્ર બનાવતા અનેક પાસાઓમાંથી એક કુંડમાં વપરાયેલા પથ્થરોની લાવણ્યતા છે. આજે પણ આ ખડક ચળકતો અને સુંવાળો છે. કુંડમાં હજુ પણ પાણી જોવા મળે છે. સ્થાનિકો લોકોની માન્યતા પ્રમાણે ભૂગર્ભમાં પાણી વહીને કુંડમાં આવે છે. આ વિસ્તાર ભારે વરસાદ માટે જાણીતો નથી ત્યારે કુંડમાં પાણી હોવું એ અચરજની વાત છે.

ગુજરાતના અન્ય ઘણા સ્થળોએ આવા કુંડ આવેલા છે જેમાં સમયાંતરે પાણીની અછતને કારણે તેની આસપાસ રહેતા રહેવાસીઓ તેમનો ત્યાગ કરી સ્થળાંતર કરતાં જોવા મળ્યા છે. ગંગવો કુંડના કિસ્સામાં કુંડના સ્વચ્છ પાણીના લીધે લોકો અહીં આવીને વસ્યા છે. વારતહેવારે ગામ લોકો માટે કુંડ એક પૂજા સ્થળ છે. આ કુંડને પવિત્ર માનવામાં આવે છે, કુંડની આસપાસના અસંખ્ય નવા મંદિરો તેની સાક્ષી પૂરે છે. કુંડની આસપાસ કેટલાક પાળિયા પણ જોવા મળે છે જેમાંના કેટલાક પર શિલાલેખ પણ છે. સાંજના સમયે ગંગવો આનંદપ્રમોદનું સ્થળ બની જાય છે. ગામના લોકો આ શાનદાર સ્થળે ભેગા થાય છે અને દુન્યવી બાબતોની ચર્ચા કરે છે. મહિલાઓના આસપાસના મંદિરોમાં પ્રાર્થના કરે છે. બાળકોને કુંડમાં કૂદવાની ખૂબ મજા આવે છે.

(Source : https://timesofindia.indiatimes.com)



# ગ્લોબલ લીડરશિપમાં ગુજરાતીઓનો પાવર



**ભારતને ગ્રોથ એન્જિન તરીકે આગળ ધપાવવામાં ગુજરાતીઓ હંમેશા અગ્રેસર રહ્યા છે. આ ઉપરાંત દુનિયાના અનેક દેશોમાં પોતાની આવડતના જોરે વ્યાપાર, શિક્ષણ જેવા ક્ષેત્રોમાં શિખરો સર કર્યા છે. તેની સાથોસાથ ગુજરાતી મૂળની અનેક હસ્તીઓ પોતાની કુનેહના જોરે અનેક દેશોમાં રાજકીય રીતે સક્રિય રહેતા ગૌરવપૂર્ણ પદો સંભાળી રહી છે. અમેરિકામાં જો બાઇડનની સરકારથી લઈને યુકેમાં હાઉસ ઓફ લોર્ડસ અને હાઉસ ઓફ કોમન્સ, દક્ષિણ આફ્રિકાથી લઈને કેનેડાની સત્તાધારી પાર્ટીમાં મહત્વના હોદ્દાઓ સંભાળી ગુજરાતીઓએ ડંકો વગાડ્યો છે. ૨૦૨૧માં પ્રકાશિત થયેલી ઇન્ડિયાસ્પોરા ગવર્નમેન્ટ લીડર્સ યાદીમાં ૧૫ દેશોની સરકારોમાં ઉચ્ચ પદભાર સંભાળી રહેલા ૨૦૦ ભારતીયોની યાદી તૈયાર કરવામાં આવી છે જેમાં ૨૦થી વધુ ગુજરાતી મૂળના છે. આવા જ કેટલાક ગૌરવવંતા ગુજરાતીઓની સિદ્ધિઓ જાણીએ.**

## પ્રવીણ ગોરધન : દક્ષિણ આફ્રિકા સરકારમાં મંત્રી



પ્રવીણ ગોરધન હાલમાં દક્ષિણ આફ્રિકામાં મિનિસ્ટર ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝનો કાર્યભાર સંભાળી રહ્યા છે. આ પહેલા નાણાં અને કોઓપરેટિવ ગવર્નન્સ જેવા મહત્ત્વના મંત્રાલયો પણ સંભાળ્યા છે. તેઓએ ૭૦-૮૦ના દશકમાં ચળવળોમાં ભાગ લીધો હતો. તેઓને ૨૦૧૯માં પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## પ્રીતિ પટેલ : યુકે સરકારમાં હોમ સેક્રેટરીની જવાબદારી



બ્રિટનની સરકારમાં પ્રીતિ પટેલ જુલાઈ ૨૦૧૯થી હોમ સેક્રટરીનો મહત્ત્વનો હોદ્દો સંભાળી રહ્યાં છે. આ પહેલા થેરેસા મેની સરકારમાં તેઓ સ્ટેટ ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના સેક્રેટરી રહી ચૂક્યાં છે. ૨૦૧૦થી વીઘામ બેઠક પર સતત ૪ વાર સાંસદ તરીકે ચૂંટાયાં છે.

## નાદીર પટેલ : ભારત-કેનેડાના સંબંધો મજબૂત કર્યા



ભારત ખાતે કેનેડાના હાઇ કમિશનર તરીકેનો સૌથી લાંબો કાર્યકાળ નાદીર પટેલના નામે છે. નેપાળ અને ભૂટાનમાં પણ તેમણે કેનેડાનું પ્રતિનિધિત્વ કર્યું છે. કેનેડા અને ભારત વચ્ચેના દ્વીપક્ષીય સંબંધો વધુ મજબૂત થાય તે માટે તેઓ હંમેશા પ્રયત્નશીલ રહ્યા છે. પ્રધાનમંત્રી મોદી જ્યારે પણ તેમને મળે ત્યારે ગુજરાતીમાં વાત કરતા.

## અમી બેરા : યુએસ કોંગ્રેસમાં સૌથી લાંબા સમયનો રેકોર્ડ



અમરિશ બાબુલાલ જેઓ એમી બેરાના નામે અમેરિકામાં લોકપ્રિય છે તેઓ સતત ૨૦૧૩થી યુએસ સેનેટમાં કેલિફોર્નિયાના સાતમા ડિસ્ટ્રીક્ટના સાંસદ તરીકે ચૂંટાતા આવ્યા છે. કોંગ્રેસમાં સૌથી લાંબો સમય સેવા આપનારા ભારતીય અમેરિકનનો રેકોર્ડ અમી બેરાના નામે છે.

## લોર્ડ મેઘનાદ દેસાઈ : અર્થશાસ્ત્રી અને લેબર પાર્ટીના સભ્ય



લોર્ડ મેઘનાદ દેસાઈ જાણીતા અર્થશાસ્ત્રી અને પૂર્વ લેબર રાજકારણી છે. તેઓ ૧૯૮૬ અને ૧૯૯૨માં બ્રિટિશ લેબર પાર્ટીના ચેરમેન રહી ચૂક્યા છે. તેઓ લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સના માનદ પ્રોફેસર છે. તેમના યોગદાન માટે ભારત સરકારે તેમને ૨૦૦૮માં પદ્મ ભૂષણથી સન્માનિત કર્યા છે.

## લોર્ડ નવનીત ધોળકિયા : ચેરિટી કાર્યોમાં સક્રિય



લોર્ડ નવનીત ધોળકિયા હાઉસ ઓફ લોર્ડસમાં લિબરલ ડેમોક્રેટના ડેપ્યુટી લીડર છે. ૧૯૬૧ અને ૧૯૬૪માં બ્રાઇટન બરો કાઉન્સીલમાં તેઓ ચૂંટાયા હતા. તેઓનું ચાઇલ્ડ ઇન નીડ ઈન્ડિયાની બ્રિટિશ બ્રાન્ચના પેટ્રોન તરીકે ચેરિટી કાર્યમાં સક્રિય યોગદાન છે.

## લોર્ડ જીતેશ ગઢીયા : ભારત-યુકે સંબંધો મજબૂત કર્યા



ભારત-યુકેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવામાં અને બંને દેશો વચ્ચેના સૌથી મોટા રોકાણ કરાર થવા પાછળ લોર્ડ જીતેશ ગઢીયાની અગત્યની ભૂમિકા રહી છે. તેઓ કન્ઝર્વેટિવ પાર્ટી સાથે સંકળાયેલા છે.

## લોર્ડ અજય કક્કર : નાઇટહૂડથી સન્માનીત ભારતીય



લોર્ડ અજય કક્કર જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશનના ચેરમેન છે. યુનિવર્સિટી કોલેજ લંડનમાં સર્જરીના પ્રોફેસર તરીકે પણ કાર્યરત છે. હેલ્થકેર અને પબ્લિક સર્વિસમાં આપેલા યોગદાન માટે તેમને નાઈટહૂડનું સન્માન મળ્યું છે.

## લોર્ડ કમલેશ પટેલ : યુકેમાં નશામુક્તિમાં ભગીરથ કાર્ય



સામાજિક કાર્યકર કમલેશ પટેલનું નાઈટહૂડથી સન્માન કરવામાં આવ્યું છે. બેડફોર્ડ શહેરમાં ડ્રગ અને માનસિક આરોગ્યની સમસ્યાથી પીડાતા લોકો માટે થર્ડ સેક્ટર એજન્સીઓની તેમણે રચના કરી છે. ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના સેક્રેટરી ઓફ સ્ટેટ અને ડિપાર્ટમેન્ટ ઓફ વર્ક એન્ડ પેન્શનના મિનિસ્ટર ઓફ સ્ટેટ પણ તેઓ રહ્યા છે.

## લોર્ડ નરેન્દ્ર પટેલ : ઓર્ડર ઓફ થીસ્ટલ પદે નિમણૂક



લોર્ડ નરેન્દ્ર પટેલે ૩૦ વર્ષથી વધુ સમય ડન્ડીની નાઇટવેલ્સ હોસ્પિટલમાં ઓબ્સ્ટ્રિશિન તરીકે સેવાઓ આપી હતી. તેઓને ૧૯૯૭માં નાઇટહૂડથી સન્માનિત કરાયા હતા. લોર્ડ પટેલ પહેલા એશિયન હતા જેમને ૨૦૦૯માં ક્વીન એલિઝાબેથ દ્વિતીય દ્વારા ઓર્ડર ઓફ થીસ્ટલ તરીકે અપોઈન્ટ કરાયા હતા.

**ગુજરાતમાંથી નોકરી, વ્યવસાય કે અભ્યાસ માટે લોકો નોંધપાત્ર સંખ્યામાં ગુજરાત બહાર તેમજ સમગ્ર વિશ્વમાં વસી રહ્યા છે. યુકે, કેનેડા અને અમેરિકામાં તો ખૂબ મોટી સંખ્યામાં ગુજરાતીઓ વસે છે. ઉપરાંત દક્ષિણ અને પૂર્વ આફ્રિકા ખાસ કરીને કેન્યા, ટાન્ઝાનિયા, યુગાન્ડા, દક્ષિણ આફ્રિકા, મડાગાસ્કર, મોઝામ્બીક અને અગ્નિ એશિયામાં પણ ગુજરાતીઓની મોટી વસતી છે.**

## લોર્ડ પોપટ : કન્ઝર્વેટિવના પ્રથમ ગુજરાતી પ્રતિનિધિ



લોર્ડ ડોલર પોપટ ૨૦૧૦માં હાઉસ ઓફ લોર્ડસના સભ્ય બન્યા અને અપર હાઉસમાં કન્ઝર્વેટિવ પાર્ટીનું પ્રતિનિધિત્વ કરનારા પ્રથમ ગુજરાતી બન્યા. તેમણે ૨૦૧૩-૧૫ દરમિયાન ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ, ઇનોવેશન એન્ડ સ્કીલ્સ તથા ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટના મિનિસ્ટર ઓફ ક્રાઉન તરીકે સેવા આપી છે.

## શૈલેષ વારા : થેરેસા મે સરકારમાં રાજ્યમંત્રી હતા



થેરેસા મેની સરકારમાં શૈલેષ વારા નોર્થ આયરલેન્ડના રાજ્યમંત્રી રહી ચૂક્યા છે. નોર્થ વેસ્ટ કેમ્બ્રિજશાયર બેઠક પરથી ૨૦૦૫, ૨૦૧૦, ૨૦૧૫ અને ૨૦૧૭માં સતત ચાર વાર ચૂંટાયા. તેઓ અગાઉ મિનિસ્ટર ઓફ જસ્ટિસ, મિનિસ્ટર ઇન ડિપાર્ટમેન્ટ ફોર વર્ક એન્ડ પેન્શન્સના પદે રહી ચૂક્યા છે.

## આરિફ વિરાણી : કેનેડાના જસ્ટિસ મંત્રી, એટર્ની જનરલ



આરિફ વિરાણી ૨૦૧૮થી મિનિસ્ટર ઓફ જસ્ટિસ અને એટર્ની જનરલ ઓફ કેનેડાના હોદ્દે કાર્યરત છે. આ પહેલા ૨૦૧૫-૧૭ દરમિયાન તેઓએ મિનિસ્ટર ઓફ ઈમિગ્રેશન, રેફ્યૂજીસ એન્ડ સિટીઝનશિપની જવાબદારી નિભાવી હતી. ૨૦૧૫ અને ૨૦૧૯માં પારડેલ-હાઇપાર્કથી સાંસદ તરીકે ચૂંટાયા છે.

## શેફાલી મહેતા : યુએસના કૃષિ વિભાગમાં મહત્ત્વનું પદ



અમેરિકામાં કૃષિ વિભાગમાં રિસર્ચ, એજ્યુકેશન એન્ડ ઇકોનોમિક્સની ડેપ્યુટી અંડર સેક્રેટરીનો હોદ્દો શેફાલી મહેતા ધરાવે છે. યુએસની જાણીતી કંપનીઓની તેઓ બોર્ડ મેમ્બર રહી ચૂક્યાં છે.

## રીમા શાહ : બાઇડેનની વ્હાઇટ હાઉસ ટીમમાં સામેલ



અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને જાન્યુઆરી ૨૦૨૧માં રીમા શાહની વ્હાઇટ હાઉસમાં ડેપ્યૂટી એસોસિએટ કાઉન્સેલ તરીકે નિમણુક કરી હતી. તેમણે બાઇડન-હેરિસ કેમ્પેનમાં સેવાઓ આપી હતી.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૨૨.૬.૨૦૨૨)